(1) વર્લ્ડ ઈન્વેસ્ટમેન્ટ રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રિપોર્ટ વિશ્વ બેંક દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.
(2) રિપોર્ટ મુજબ, વર્ષ 2019માં FDI મેળવવામાં ભારત 9માં સ્થાને રહયું છે.
(3) વર્ષ 2019ની સાપેક્ષે વર્ષ 2020માં વિશ્વમાં FDIના ઈનફ્લો (inflow)માં 40%નો ઘટાડો થશે.
(4) ભારતમાં વર્ષ 2019માં કુલ 51 મિલિયન ડોલરનું FDI આવ્યું છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ તાજેતરમાં UNCTAD દ્વારા વર્લ્ડ ઈન્વેસ્ટમેન્ટ રિપોર્ટ, 2020 જાહેર કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ UNCTADનું પૂરુંનામ યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ છે.

⇛ રિપોર્ટ મુજબ, વર્ષ 2019માં FDI મેળવનાર ટોચના દેશોમાં ભારત 9માં સ્થાને રહયું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ રિપોર્ટ મુજબ વર્ષ 2018માં ભારતમાં 42 મિલિયન ડોલર FDI આવ્યું હતું. જે વર્ષ 2019માં વધીને 51 મિલિયન ડોલર થયું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ રિપોર્ટ મુજબ, ભારતમાં ડિજિટલ ક્ષેત્રમાં રોકાણ ઉલ્લેખનીય છે.

⇛ વર્ષ 2020માં 2019ની સાપેક્ષે FDIના વૈશ્વિક ઈનફ્લોમાં 40%નો ઘટાડો થશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ એશિયા વિસ્તારમાં આ ઘટાડો વિકાસશીલ અર્થતંત્રો માટે વધુ હશે અને 45% સુધીનો FDIમાં ઘટાડો જોવા મળી શકશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) SIPRI યરબુક વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) યરબુકમાં જણાવ્યા મુજબ, ભારત અને ચીનના પરમાણુ શસ્ત્રોમાં છેલ્લા વર્ષમાં વધારો નોંધાયો છે.

(2) ચીન તેનાં પરમાણુ શસ્ત્રાગારનું આધુનિકીકરણ કરી રહ્યું છે.

(3) ભારતના પરમાણુ શસ્ત્રોની સંખ્યા 130-140માંથી વધીને 150 થઈ છે.

(4) પાકિસ્તાન પાસે ભારત કરતાં વધુ પરમાણુ શસ્ત્રો છે.

(A) માત્ર (1) અને (2)     (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1) અને (4)     (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં SIPRI સંસ્થા દ્વારા તેની યરબુક જાહેર કરવામાં આવી છે. જેમાં તેણે આ પરિસ્થિતિઓનું મૂલ્યાંકન કરેલું છે : શસ્ત્રોની વર્તમાન પરિસ્થિતિ, નિઃશસ્ત્રીકરણ અને આંતરરાષ્ટ્રીય સલામતી.

⇛ SIPRIનું પૂરુંનામ Stockholm International Peace Research Institute છે.

⇛ આ યરબુકમાં ભારત સંબંધી મહત્ત્વના તારણો નીચે મુજબના છે :

- છેલ્લા વર્ષમાં ભારત અને ચીનના પરમાણુ શસ્ત્રોમાં વધારો થયો છે. (આથી, વિધાન (1) સાચું છે.)
- ચીન મહત્ત્વકાંક્ષી ધોરણે પોતાના પરમાણુ શસ્ત્રાગારનું આધુનિકીકરણ કરી રહ્યું છે. (આથી, વિધાન (2) સાચું છે.)
- ચીન પ્રથમ વખત ન્યુક્લિયર ટ્રાયાડ (Triad) વિકસાવી રહ્યું છે.
- ભારતના પરમાણુ શસ્ત્રનો જથ્થો 130-140માંથી વધીને 150 થયો છે. પાકિસ્તાનનો આ જથ્થો 160 સુધી પહોંચ્યો છે. ચીનનો જથ્થો 290માંથી વધીને 320 થયો છે. (આથી, વિધાન (3) અને (4) સાચાં છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (3) GPAI વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ ગ્લોબલ પાર્ટનરશીપ ઓન આર્ટીફિશિયલ ઈન્ટેલીજન્સ છે.
(2) આ પહેલ AIના જવાબદારી પૂર્વકના વિકાસ અને વપરાશ માટે માર્ગદર્શન પૂરું પાડશે.
(3) ભારત આ પહેલનું સભ્ય નથી.
(4) આ પહેલને એક સચિવાલય દ્વારા સહાય મળશે. આ સચિવાલયની યજમાની OECD સંસ્થા દ્વારા કરવામાં આવશે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ ભારત GPAI પહેલનું સ્થાપક સભ્ય બન્યું છે. ભારત આર્ટીફિશિયલ ઈન્ટેલીજન્સ (AI)ના માનવ–કેન્દ્રિત તથા જવાબદારીપૂર્ણ વિકાસ તથા વપરાશને મદદ કરવાના હેતુથી આ પહેલમા જોડાયું છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ GPAIનું પૂરું નામ ગ્લોબલ પાર્ટનરશીપ ઓન આર્ટીફિશિયલ ઈન્ટેલીજન્સ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ આંતરરાષ્ટ્રીય બહુસભ્યકીય પહેલની સ્થાપના AIના જવાબદારીપૂર્વકના વિકાસ અને વપરાશને માર્ગદર્શન પૂરું પાડવાના હેતુથી કરવામાં આવી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ પ્રકારની આ પ્રથમ પહેલ છે.

⇛ આ પહેલને એક સચિવાલય દ્વારા સહાય મળશે. આ સચિવાલયની યજમાની ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો–ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (OECD) દ્વારા પેરિસમાં કરવામાં આવશે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ પહેલના અન્ય સ્થાપક સભ્યોમાં ઓસ્ટ્રેલિયા, કેનેડા, જાપાન, સિંગાપોર, યુનાઈટેડ કિંગડમ, યુરોપિયન યુનિયન વગેરેનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) 'કેપ્ટન અર્જુન' (Arjun) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે એક રોબોટ છે.

(2) તેનું પૂરુંનામ 'Always be Responsible and Just Use to be Nice' છે.

(3) તેનો વિકાસ 'TERI' સંસ્થા દ્વારા કરવામાં આવ્યો છે.

(4) તેના દ્વારા એરપોર્ટ પર લોકોનું સ્ક્રીનીંગ તથા તેમનું સર્વેલન્સ કરવામાં આવશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં રેલવે પ્રોટેકશન ફોર્સ (RPF) દ્વારા 'કેપ્ટન અર્જુન' નામનો રોબોટ લોન્ચ કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે જ્યારે વિધાન (3) ખોટું છે.)

⇛ અહીં, ARJUNનું પૂરુંનામ Always be Responsible and Just Use to be Nice છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ રેલવે સ્ટેશનમાં સ્ક્રીનીંગ તથા સર્વેલન્સ મજબૂત બનાવવાના હેતુથી તેને લોન્ચ કરવામાં આવેલ છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ રોબોટ ટ્રેન પર જનારા લોકોનું સ્ક્રીનીંગ કરશે. ઉપરાંત તે અસમાજિક ક્રિયાઓ પર પણ નજર રાખી શકશે. આ દ્વારા રેલવે સ્ટેશનની સુરક્ષામાં વધારો થશે.

⇛ આ રોબોટ અસમાજિક ક્રિયાઓ તથા શકમંદ પ્રવૃત્તિઓની જાણ મેળવવા માટે આર્ટીફિશિયલ ઈન્ટેલીજન્સનો ઉપયોગ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડલાઈફ (NBWL) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે એક વૈધાનિક સંસ્થા છે.

(2) તેનું પ્રાથમિક કાર્ય વન્યજીવ તથા જંગલના સંરક્ષણનું તથા તેમના વિકાસનું છે.

(3) તેની અધ્યક્ષતા પ્રધાનમંત્રી દ્વારા કરવામાં આવે છે.

(4) NBWLની મંજૂરી વગર રાષ્ટ્રીય ઉદ્યાનની સરહદમાં ફેરફાર કરી શકાતો નથી.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડલાઈફ એક વૈધાનિક સંસ્થા છે. તેની સ્થાપના વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, 1972 હેઠળ કરવામાં આવેલી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેનું પાત્ર સલાહકારી પ્રકારનું છે. તે દેશમાં વન્યજીવના સંરક્ષણ માટેના પગલાંઓ તથા નીતિ ઘડવા માટે કેન્દ્ર સરકારને સલાહ આપે છે.

⇛ તેનું પ્રાથમિક કાર્ય વન્યજીવ તથા જંગલના સંરક્ષણનું તથા તેમના વિકાસનું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તેની અધ્યક્ષતા પ્રધાનમંત્રી દ્વારા કરવામાં આવે છે. પ્રધાનમંત્રી સહિત તેમાં 47 સભ્યો હોય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ રાષ્ટ્રીય ઉદ્યાન તથા વન્યજીવ અભ્યારણ્યની સરહદમાં ફેરફાર કરવા માટે NBWLની મંજૂરી ફરજિયાત છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

**YouTube**

ICE RAJKOT

**Instagram**

ICE RAJKOT

**Facebook**

*like* | *comment* | *share*

ICE RAJKOT

**twitter**

ICE RAJKOT